ગાંધીનગરમાં જન્માષ્ટમી પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી

મંદિરોથી લઈ સેક્ટરોની શેરીઓમાં મટકી ફોડ, રાસ-ગરબા, ભજન સંધ્યા સહીત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

જન્માષ્ટમી પર્વની ઉજવણીનો અનેરો ઉત્સાહ આ વખતે શહેરના સેક્ટરોમાં જોવા મળ્યો હતો. રાસગરબાથી લઈ મટકીફોડ, વેશભૂષા સ્પર્ધા, ભજનકિર્તન સહિતના અનેકવિધ કાર્યક્રમોથી પાટનગર કૃષ્ણમય બની ગયું હતું. (તસવીર : દિપક જાની, કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી રંગેચંગે થઈ હતી. શહેરના વિવિધ મંદિરો અને સેક્ટરોમાં કૃષ્ણ જન્મોત્સવની પારિવારિક માહોલમાં ભવ્ય ઉજવણી થઈ હતી. જન્માષ્ટમી નિમિત્તે મટકી ફોડ, રાસ-ગરબા તેમજ ભજનના વૈવિધ્યસભર કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. પંચદેવ મંદિરે મેળામાં પણ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. રાત્રિના ૧૨ના ટકોરે નંદ ઘેર આનંદ ભયોના જયઘોષ સાથે નગરજનોએ ઉત્સાહભેર ભગવાનને પારણે જુલાવ્યા હતા.

ભગવાન શ્રીકૃષ્ણના જન્મ દિવસે શહેરમાં અનોખી ધાર્મિક એકતા જાગૃત થઈ હતી. જન્માષ્ટમી પર્વની ઉજવણીમાં શહેરના ધાર્મિક સ્થાનો ઉપરાંત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ જોડાતા સેક્ટરે-સેક્ટરે નત-નવા કાર્યક્રમો યોજાયા હતા. જેના પરિણામે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીનો રંગ જામ્યો હતો. સે. ૨૨ પંચદેવ મંદિર પાસે સાંજના સમયે મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરીજનો ઉપરાંત આસપાસના ગ્રામજનોએ પણ મેળાની મજા લીધી હતી. પંચદેવ મંદિરમાં રાત્રીના મટકી ફોડ તેમજ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સે. ૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે પણ જન્માષ્ટમી નિમિત્તે નૃત્ય નાટીકા સહીતના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ ઉપરાંત મટકીફોડનો કાર્યક્રમ પણ યોજાયો હતો. રાત્રીના ૧૨ કલાકે કૃષ્ણજન્મની ઉજવણી કરવામાં આવી હતી. સે. ૨૯ જલારામધામ ખાતે પણ રાસ-ગરબા તેમજ મટકીફોડનો કાર્યક્રમ યોજાયો હતો. જેના અંતે વિજેતાઓને ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. આનંદોલ્લાસ વચ્ચે થયેલી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી દરમિયાન શહેરમાં રાત્રિ રોનક નિખરી હતી. સે. ૨ તેમજ સે. ૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે પણ જન્માષ્ટમી નિમિત્તે કૃષ્ણ જન્મોત્સવ અને રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સે. ૨૯માં જયશ્રી કૃષ્ણ પરિવાર દ્વારા પણ મટકીફોડ અને જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સે. ૩-એ-ન્યુ માં પણ રોશનીની ઝાકમઝાળ વચ્ચે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. સેક્ટરના યુવાનોએ મટકીફોડનો કાર્યક્રમ રજુ કર્યો હતો. આ ઉપરાંત રોટરીકલબ, લાયન્સ, લાયોનેસ અને લીયો ક્લબ ઉપરાંત ઈન્ફોસીટી ક્લબ દ્વારા પણ કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે પંજરી, ચોકલેટ તેમજ માખણ મિશરીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યુ ંહતું. ભગવાનને પારણે જુલાવતા ભાવિકોએ

● અનુસંધાન પાન-૭ પર

પાણી-ગટર વેરાના બાકીદારોને તંત્ર હવે નોટીસ ફટકારશે

વસુલાત ઝુંબેશના ૬ મહિના બાદ તંત્ર હજુ યાદી તૈયાર કરે છે

ગાંધીનગર, તા. ૨૯

પાણી-ગટર વેરાની વસુલાત ઝુંબેશના ૬ મહીના બાદ પણ તંત્રકક્ષાએ હજુ બાકીદારોની યાદી તૈયાર નથી. બીજી તરફ વેરો ભરપાઈ નહી કરનારા જોડાણકર્તાઓની ટુંકમાં યાદી તૈયાર કરી બાકીદારોને નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરાશે તેમ સૂત્રોએ જણાવ્યું છે.

શહેરમાં પાણી-ગટરનુ જોડાણ ધરાવતા ૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી વેરો વસુલવા તંત્ર દ્વારા ગત માર્ચ મહીનામાં ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જ્યારે વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ માંડ ૬૦ ટકા જ કામગીરી થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. તંત્રના ચોપડે વર્ષો જૂના બાકી માંગણાના આંક ઉંચો છે. ત્યારે ચાલુ વર્ષે હાથ ધરાયેલી એડવાન્સ વસુલાત ઝુંબેશની કામગીરી પણ નબળી રહેતા વસુલાતક્ષેત્રે બાકીદારોનું ભારણ વધ્યુ છે. તંત્રની વસુલાત ઝુંબેશના ૬ મહીના બાદ પણ હાલ બાકીદારોની યાદી તૈયાર થઈ શકી નથી. એકબાજુ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ વસુલાતની કામગીરીના નામે મીંડુ હોવાનું ધ્યાને આવ્યું છે જ્યારે લાખોના બાકી માંગણાની રકમમાં પ્રતિ વર્ષ વધારો થતો જાય છે. ગત વર્ષ દરમિયાન તંત્ર દ્વારા વસુલાત ક્ષેત્રે બાકી રહેતા જોડાણ કર્તાઓ પાસેથી અંદાજિત ૧૮ લાખની રીકવરી કરવામાં આવી હતી. જ્યારે ચાલુ વર્ષ દરમિયાન પાણી-ગટર વેરો ભરપાઈ કરવામાં બેદરકાર નિવડેલા જોડાણકર્તાઓને નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

સે. ૨૬ પોલીટેકનિકની નવી ઈમારત બાંધવામાં આવશે

ક્લાસરૂમ, લેબોરેટરી તેમજ કોમ્પ્યુટર રૂમ બનાવાશે

નવા બિલ્ડીંગ પાછળ રૂ. ૬.૨૫ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૨૯

સે. ૨૬ પોલીટેકનિક કોલેજમાં નવુ બિલ્ડીંગ બાંધવાનું કામ ટુંકમાં શરૂ કરાશે. બે મજલાના નવા બિલ્ડીંગમાં કોલેજના વિદ્યાર્થીઓ માટે ક્લાસરૂમ, લેબોરેટરી તેમજ કોમ્પ્યુટરૂમ પણ બનાવાશે. આ કામગીરી પાછળ રૂ. ૬.૨૫ કરોડનો ખર્ચ થશે.

સે. ૨૬ પોલીટેકનિક કોલેજ હાલ કાર્યરત છે. કોલેજ કેમ્પસમાં મુખ્ય મકાન, વિદ્યાર્થી એમીનીટી સેન્ટર તેમજ હોસ્ટેલ આવેલી છે. જ્યારે કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓની જરૂરિયાતને ધ્યાને લઈ વધુ સુવિધાઓ ઉભી કરવા તંત્ર દ્વારા કોલેજમાં નવી બિલ્ડીંગ બાંધવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જ્યારે વિભાગકક્ષાએથી આ દરખાસ્તને મંજુરી આપી દેવાતા ટુંકમાં હવે કામગીરી હાથ ધરાશે. સૂત્રોના જણાવ્યા મુજબ સે. ૨૬ સરકારી પોલીટેકનિક કોલેજમાં હાલ મુખ્ય મકાનમાં સ્ટુડન્ટ એમીનીટી સેન્ટર તેમજ હોસ્ટેલ છે. જ્યારે હવે ૩૦૦૯ ચો.મી.માં નવુ બાંધકામ હાથ ધરાશે. બે મજલાના નવા બિલ્ડીંગમાં ૩ ક્લાસરૂમ, ૩ લેબોરેટરી, સ્ટાફરૂમ, કોમ્પ્યુટરરૂમ બાંધવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં બે ગમખ્વાર અકસ્માતોમાં બેના મૃત્યુ

સે. ૨૮ જીઆઈડીસી પાસે રીવર્સ મારતા ટ્રેલરે ઝાડ નીચે બેસેલી વૃદ્ધાને કચડી મારી : ઈન્ફોસીટી પાસે રોંગ સાઈડમાં જતાં ડમ્પર સાથે કાર ધડાકાભેર અથડાઈ : યુવાન મોતને ભેટ્યો

(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના બે અલગ-અલગ સ્થળોએ આજે સવારના અરસામાં ગંભીર અકસ્માતો સર્જાયા હતા. જેમાં એક વૃદ્ધા અને એક ૧૯ વર્ષના યુવાનનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યુ હતુ. સે. ૨૮ જીઆઈડીસી પાસે રીવર્સ લગાવી રહેલી ટ્રેલરે પાછળના ટાયર નીચે એક ૭૦ વર્ષની વૃદ્ધાને કચડી મારતા વિફરેલા ટોળાએ ટ્રેલરની તોડફોડ કરી હતી. બીજી તરફ ઈન્ફોસીટી પાસેના ચ-૦ થી શાહપુર ચોકડી વચ્ચે સરકારી ડમ્પર અને એસેન્ટ ગાડી સામસામે અથડાતા કારનો બોકડો બોલી ગયો હતો. કારચાલક યુવાનનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. ગાંધીનગરમાં આજે સવારે બનેલા બન્ને ગમખ્વાર અકસ્માતોમાં બેના મૃત્યુ નિપજ્યા છે.

શહેરના ચરેડી છાપરામાં રહેતી અને ઘેટા-બકરા ચરાવતી ૭૦ વર્ષની વૃદ્ધા ફાતીમાબેન ડોસુભાઈ ઓડ આજે સવારે પોણા અગીયાર વાગ્યાના સુમારે સે. ૨૮ જીઆઈડીસી કલ્પતરૂ સામે એક ઝાડ નીચે બેઠા હતા. ટ્રેલર નં. જીજે-૧૮-એ.યુ.૭૫૬૫નો ચાલક ટ્રેલર રીવર્સ મારી રહ્યો હતો અને પાછળ ઝાડ નીચે બેસેલી વૃદ્ધાને ટ્રેલરના ટાયર નીચે ચગડી નાંખી હતી. વૃદ્ધાનું સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતુ. આ ઘટનાને પગલે રોષે ભરાયેલા ટોળાએ ટ્રેલરમાં તોડફોડ મચાવી હતી. જ્યારે ટ્રેલર ચાલક ફરાર થઈ ગયો હતો. સે. ૨૧ પોલીસે આરોપી ચાલકની શોધખોળ શરૂ કરી છે.

બપોરના અરસામાં ગાંધીનગરમાં બનેલી બીજી માર્ગ અકસ્માત દુર્ઘટનામાં મળતી વિગત મુજબ કુડાસણની વૃન્દાવન સોસાયટીના મકાન નં. ૫૬માં રહેતા અને એલ.આઈ.સી.માં ડેવલપમેન્ટ ઓફીસર તરીકે ફરજ બજાવતા

● અનુસંધાન પાન-૭ પર

સરગાસણ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સપ્તાહમાં શરૂ થશે

પ્રથમ તબક્કામાં સ્વર્ણિમ પાર્કને પાણી સપ્લાય થશે : ટૂંકમાં લોકાર્પણવિધિ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સરગાસણ સ્થિત પાણી શુદ્ધિકરણ પ્લાન્ટનું હાલ ટેસ્ટીંગ ચાલી રહ્યું છે. દૂષિત પાણીને શુદ્ધ કરવાના આ પ્લાન્ટનું ટુંકમાં લોકાર્પણ થશે. જ્યારે આ પ્લાન્ટના આધારે બગીચાઓને શુદ્ધ પાણી પુરૂ પાડવા આવનાર છે ત્યારે વનસ્પતિ તેમજ જાહેર આરોગ્યની દૃષ્ટિએ પાણીની યોગ્યતા ચકાસવા ચકાસણી હાથ ધરવામાં આવી છે. આગામી સપ્તાહમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના આધારે પ્રથમ તબક્કામાં સ્વર્ણિમ પાર્કને પાણી સપ્લાય કરવાનું શરૂ કરાશે.

સરગાસણમાં ૧૫ કરોડના ખર્ચે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉભો કરાયો છે. ૧૦ એમ.એલ.ડી.ની ક્ષમતા ધરાવતા આ પ્લાન્ટનું કામ પૂર્ણ થયા બાદ હાલ પાણીની ગુણવત્તા ચકાસવા ટેસ્ટીંગ ચાલી રહ્યું છે. આ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના આધારે શહેરના બગીચાઓને પાણી પુરૂ પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે હરિયાળી કે અન્ય વનસ્પતિ તેમજ જાહેર આરોગ્યને નુકશાન ન થાય તે માટે પ્લાન્ટમાંથી શુદ્ધ થતા પાણીમાં યોગ્ય પરિબળો ચકાસવા ટેસ્ટીંગ હાથ ધરાયું છે. જ્યારે આગામી દિવસોમાં પમ્પીંગ સ્ટેશનનુ લોકાર્પણ વિધિ યોજવામાં આવનાર છે. જેના અંતે પ્રથમ તબક્કામાં સ્વર્ણિમ પાર્કની હરિયાળી બરકરાર રાખવા પાણી સપ્લાય કરવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં નગરના અન્ય ઉદ્યાનોને પાણી પહોંચતુ કરવા પ્લાન્ટની ક્ષમતા ૨૦ એમ.એલ.ડી. કરવા પણ વિચારણા હાથ ધરવામાં આવનાર છે.

ખૂણે... ...ખાંચરેથી

- સેન્ટ ઝેવિયર્સના પ્રિન્સિપાલ ફાધર હેક્ટર પીન્ટોનો આજે જન્મદિવસ છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શહેરમાં પ્રિય એવા ફાધરના જન્મદિવસની ઉજવણીને લઈને સ્કૂલમાં સાજ-શણગાર ને ખુશીનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે.
- માઉન્ટ કાર્મેલની માત્ર સાડા ત્રણ વર્ષની સ્ટુડન્ટ અનન્યા સંજય થોરાત વિવિધ બ્રાન્ડની રસ્તા પર દોડતી ૬૨ પ્રકારની કારને ઓળખી ફટાફટ નામ બોલે છે. એને બસ સ્ટેન્ડે બેસીને કાર ઓળખવાનો શોખ છે.
- દેના બેંકની રિજીયોનલ ઓફિસમાં સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરાયું હતું.
- જાણીતા સાહિત્યકાર શ્રી મોહમંદ માંકડની તબિયત નાદુરસ્ત બનતાં એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગરના જાણીતા બાળરોગના નિષ્ણાત તબીબો ડૉ. અનિલ વેદ અને ડૉ. વિપુલ ચૌહાણ આજે રાત્રે ૮ થી ૯ દરમ્યાન દૂરદર્શનની ગિરનાર ચેનલ પર રસીકરણ અંગે વાર્તાલાપ આપશે.
- ગઈકાલે જન્માષ્ટમીની રજા હોવા છતાં આરોગ્યતંત્રની ટીમો શહેરમાં સતત દોડતી રહી હતી અને કચેરી આખો દિવસ ચાલુ રહી હતી.
- સે. ૭માં સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે શ્રી જે.એમ. ભરવાડની નિયુક્તી કરાઈ છે.
- નાના ખેડૂતોનો કૃષિ વ્યાપાર સંઘ દ્વારા આજે જિલ્લાના અધિકારીઓ અને બેંકર્સની એક બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી.

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ ૨૦૧૩-૧૪

ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઓનલાઈન ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડર ફીની	કામના બાનાની ૧૦% રકમ
૧૪	ગાંધીનગર શહેરના **પૂર્વ વિભાગના** સુચિત રસ્તાઓ આસપાસની ફુટપાથો 'ફુટપાથ, કાર્પેટ, ડીવાઈડર, શોલ્ડર સહિત' વગેરેનું ઈજારદારના પોતાના કામદારો, સાધનો દ્વારા બ્રશિંગ / સફાઈ કરાવવી ફુટપાથની આસપાસના મર્યાદિત વન વિસ્તારને ખુલ્લા વિસ્તારની સફાઈ કરાવવી, પ્લાસ્ટીકની કોથળીઓ સહિતનો કચરો વીણીને ઉપાડી લેવાની કામગીરી અને આ તમામ સફાઈ બાદ એકત્ર થયેલ કચરો ઈજાદરાના પોતાના સાધનો અને વાહનો દ્વારા મહાનગરપાલિકાના કન્ટેનર અથવા મહાનગરપાલિકા સુચવે તે સ્થળે નિકાલ કરવા માટેનું કામ આ માટે ન્યુનત્તમ ૫૫ સફાઈ કામદારો તથા ૫ સુપરવાઈઝરો દ્વારા કરાવવાનું થતું કામ.	રૂ. ૧૫૦૦/-	રૂ. ૨,૫૦,૦૦૦/-
૧૫	ગાંધીનગર શહેરના **પશ્ચિમ વિભાગના** સુચિત રસ્તાઓ આસપાસની ફુટપાથો 'ફુટપાથ, કાર્પેટ, ડીવાઈડર, શોલ્ડર સહિત' વગેરેનું ઈજારદારના પોતાના કામદારો, સાધનો દ્વારા બ્રશિંગ / સફાઈ કરાવવી ફુટપાથની આસપાસના મર્યાદિત વન વિસ્તારને ખુલ્લા વિસ્તારની સફાઈ કરાવવી, પ્લાસ્ટીકની કોથળીઓ સહિતનો કચરો વીણીને ઉપાડી લેવાની કામગીરી અને આ તમામ સફાઈ બાદ એકત્ર થયેલ કચરો ઈજાદરાના પોતાના સાધનો અને વાહનો દ્વારા મહાનગરપાલિકાના કન્ટેનર અથવા મહાનગરપાલિકા સુચવે તે સ્થળે નિકાલ કરવા માટેનું કામ આ માટે ન્યુનત્તમ ૫૦ સફાઈ કામદારો તથા ૫ સુપરવાઈઝરો દ્વારા કરાવવાનું થતું કામ.	રૂ. ૧૫૦૦/-	રૂ. ૨,૫૦,૦૦૦/-

ટેન્ડર ફોર્મ તા. ૩૦/૮/૨૦૧૩ થી તા. ૬/૯/૨૦૧૩ સુધી સમય ૧૮-૦૦ કલાક સુધી ઓનલાઈન વેબ સાઈટ : ુ.ઇંઈિ.ર્ઙ્ઢ પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. પ્રિબિડ મિટીંગ તા. ૩/૯/૨૦૧૩ સમય - ૧૬-૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીમાં રહેશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓન લાઈન ઈલેક્ટ્રીક ફોરમેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ તા. ૬/૯/૨૦૧૩ સુધીમાં રજીસ્ટર પોસ્ટથી બપોરના ૧૬.૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે.

ટેન્ડર માટે ફીની રકમ તથા બાનાની રકમ (ઈએમડી)ના ડીમાન્ડ ડ્રાફટ તા. ૬/૯/૨૦૧૩ સમય - ૧૬.૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મળેલ હશે તેની જ ઓફરો ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ : તા. ૭/૯/૨૦૧૩ના રોજ ૧૭.૦૦ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર — **સહી/-**
તા. ૨૯/૮/૨૦૧૩ — **મ્યુનિસિપલ કમિશનર**
માહિતી/૧૦૯૬/૧૩-૧૪ — **ગાંધીનગર મહાનગરપાલિકા**

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com